# Visit of Foreign Minister of Andorra to India

## અન્દોરાનાં વિદેશ મંત્રીની ભારતની મુલાકાત

01 ઓગસ્ટ, 2022

અન્દોરાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમતિ મારિયા ઉબાચ ફોન્ટ દ્વારા 31 જુલાઈ- 01 ઓગસ્ટ 2022 સુધી ભારતની અધિકૃત મુલાકાત લેવામાં આવી હતી. 1994 માં રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવામાં આવ્યા પછી આ બન્ને રાષ્ટ્રો વચ્ચે આ સૌપ્રથમ વિદેશ મંત્રી સ્તરની મુલાકાત છે.

2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા અન્દોરાનાં વિદેશ મંત્રી સાથે દ્વિવપક્ષિય વાર્તાલાપો યોજવામાં આવ્યા હતા અને તેઓએ દ્વિવપક્ષીય સંબંધનાં સમગ્ર પટલની સમીક્ષા કરી હતી. બન્ને મંત્રીઓએ અન્દોરા લા વેલામાં ઈન્ડિયન ઓનરરી કોન્સ્યુલેટ ખોલવાનું સ્વાગત કર્યું હતું. મંત્રીઓ નિયમિત વિદેશ કચેરીનાં પરામર્શો યોજવા પણ સંમત થયા હતા.

3. બહુપક્ષિય મંચો પર ભારતનાં સ્થાન અને સભ્યપદને સમર્થન આપવા બદલ ડૉ. જયશંકરે અન્દોરાનાં વિદેશ મંત્રીનો આભાર માન્યો હતો. વિદેશ મંત્રીએ સંયુક્ત રાષ્ટ્ર પર્વત ભાગીદારી પહેલ પર તેઓની ગેવાની અને આઈએમએફમાં પ્રવેશ પર અન્જોરાને અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ યુરોપિયન યુનિયન સાથે તેઓનાં સંબંધો અપગ્રેડ કરવાનાં અન્દોરાનાં પ્રયાસોની ચર્ચા કરી હતી. તેઓએ ઈબેરો-અમેરિકન સહકાર અને અન્દોરા લા વેલામાં છેલ્લે યોજવામાં વેલ ઈબેરો-અમેરિકન શિખર સંમેલનની ચર્ચા કરી હતી. તેઓએ પ્રાંતિય અને પરસ્પર હિતનાં વૈશ્વિક મુદ્દાઓની પણ ચર્ચા કરી હતી.

4. આ મીટિંગ દરમિયાન, મંત્રીઓએ મૈત્રી અને સામાન્ય સહકાર માટેનાં ધ્યેયનાં સંયુક્ત પ્રગટિકરણ પર હસ્તાક્ષર કર્યા હતા. આ શિક્ષણ, સંસ્કૃતિ, વિજ્ઞાન, માહિતી, યુવા, ખેલકૂદ, પ્રવાસન, રાજદ્વારિતા, આરોગ્ય અને અન્ય ક્ષેત્રોમા બન્ને દેશો વચ્ચે સહકાર માટેનું ફ્રેમવર્ક બનાવે છે. બન્ને દેશે ભવિષ્યમાં પરસ્પર હિતનાં ચોક્કસ ક્ષેત્રોમાં સમજૂતિઓ કરવાને પ્રોત્સાહન આપશે.

5. શ્રીમતિ મારિયા ઉબાચ ફોન્ટ નીતિ આયોગનાં અધ્યક્ષને પણ મળ્યા હતા અને એજન્ટા 2030, એસડીજી અને આબોહવાનાં ફેરફાર જેવા વૈશ્વિક પડકારોનો સામનો કરવા પર ભારત ને અન્દોરા કેવી રીતે ભાગીદારી કરી શકે છે તેનાં પર ચર્ચા કરી હતી. તેણીએ સીઆઈઆઈ ખાતે ઉદ્યોગોનાં પ્રતિનિધો સાથે આદાનપ્રદાનો પણ કર્યા હતા. તેણીએ "નવા આંતરરાષ્ટ્રિય મંચનાં સંદર્ભમાં યુરોપિયન લઘુ રાષ્ટ્રોનાં પડકારો" પર સુષ્મા સ્વરાજ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફોરેન સર્વિસ ખાતે વક્તવ્ય આપ્યું હતું.

6.અન્દોરાથી ભારતની આ સૌપ્રથમ મંત્રી સ્તરની અદિકૃત મુલાકાત ઐતિહાસિક નોંધપાત્રતા ધરાવે છે અને આપમે આઝાદીનાં 75 વર્ષની ઉજવણી કરીએ છીએ તે સાથે તમામ રાષ્ટ્રો સાથે જોડાણ કરવાની ભારતની ઈચ્છાને પ્રતિપાદિત કરે છે.

**નવી દિલ્હી**
**01 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.